# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૩ તા.૭-૭-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- ખેલ મહાકુંભ-૨૦૧૭ માં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા બાબત.

સંદર્ભ :- ૧. જિલ્લા રમત-ગમત અધિકારીશ્રીની કચેરી ના પત્રક્રમાંક જા.નં.જિ.શ.ગ.પ. / ખે.મ.કુંફ/શહેર/ગ્રામ્યનો તા.૬-૭-૧૭નો પત્ર.

૨. ક્રમાંક એસ.એ.જી./ખે.મ.કું.-૧૭/૨૦૧૭-૧૮ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરનો તા.૨૩-૬-૧૭નો પત્ર.

આથી તમામ મ્યુનિ.શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા પ્રતિવર્ષની જેમ ચાલુ વર્ષે પણ ખેલ મહાકુંભ-૨૦૧૭નું આયોજન કરવામાં આવેલ છે. ખેલ મહાકુંભનો હેતુ સ્પર્ધાના માધ્યમ રમતગમતનું વાતાવરણ ઊભુ થાય, રમતના ખેલાડીઓ રમત ગમત ક્ષેત્રના આગળ આવી શાળા,ગામ,તાલુકા, જિલ્લા અને રાજયને ગૌરવ આપવાની દિશામાં પ્રગતિ કરે તેમજ શારીરિક સ્વસ્થ્યને તંદુરસ્ત રાખવાનો ઉમદા આશય છે.

ખેલ મહાકુંભ-૨૦૧૭માં બહોળી સંખ્યામાં સ્પર્ધકો ભાગ લે તે હેતુથી શાળા કક્ષા,શહેર કક્ષા, જિલ્લા કક્ષા અને રાજયકક્ષા સુધી વિવિધ ૩૧ રમતોનો ૭ વયજૂથમાં સમાવેશ કરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે. જેથી ખેલ મહાકુંભ-૨૦૧૭નું ઓનલાઈન રજીસ્ટ્રેશન તા.૨૦-૭-૧૭ સુધીમાં www.khelmahakumbh.org વેબસાઈટ પરથી પૂર્ણ કરવાનું રહેશે.

ખેલ મહાકુંભ-૨૦૧૭માં અં-૯,અં-૧૧,અં-૧૪,અં-૧૭ તથા ઓપન એઈજ(સિનિયર) ગ્રુપમાં શાળામાં અભ્યાસ કરતા ખેલાડીઓએ જે તે શાળામાંથી રજીસ્ટ્રેશન કરાવવાનું ફરજિયાત રહેશે. જેથી આપની શાળાના ખેલાડીઓ વધુને વધુ ખેલ મહાકુંભ-૨૦૧૭માં ભાગ લે તે માટે સત્વરે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવું. ખેલ મહાકુંભ-૨૦૧૭ સ્પર્ધામાં રમતનું લીસ્ટ www.khelmahakumbh.org વેબસાઈટ પર સામેલ છે. સ્પર્ધાઓનો વિગતવાર કાર્યક્રમ તૈયાર થયે શાળાઓમાં મોકલી આપવામાં આવશે. વધુ વિગત માટે જિલ્લા રમત-ગમત અધિકારીશ્રી, અમદાવાદ શહેર, સંપર્ક નં.(૦૭૯)૨૬૪૬૦૦૨૩ પર કરવાનો રહેશે.

તા.૭-૭-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી